બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

## (વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ, દસમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ બ્રાહ્મણ (દરિયાદેવ) - લોટ લેવા ગયેલ ભાઈને (૮/૨૧)
➪ લોટ લેવા ગયેલ ભાઈને દરિયાદેવ મળ્યા. બધી પૂછપરછ કરી. તે ભાઈ વાત કરતો હતો ત્યારે બ્રાહ્મણે વચમાં જ કહ્યું.

૨. ➪ લાધીબાઈ - હરિભક્તને (૧૪/૩૩)
➪ લાધીબાઈને બોલાવવા ગયેલા હરિભક્તે કહ્યું સહજાનંદ સ્વામી પધાર્યા છે અને આપને દર્શન કરવા બોલાવે છે ત્યારે.

૩. ➪ ખીમબાઈ - મહારાજને કહે છે. (૩/૧૫)
➪ બોટાદમાં હમીર ખાચરની ઘોડીને સજીવન કરી આવેલા વ્યાપકાનંદ સ્વામી માટે મહારાજ ખીમબાઈને ટકોર કરતાં થાળ કરવાનું કહે છે ત્યારે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ગુણાતીતાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીને પરું લૂછીને નવરાવ્યા. (૧૧/૨૭)
જ. આત્માનંદ સ્વામીનું અંગ હતું કે પોતાની મેળે શરીરનું જતન કરવું જ નહિ. તેમના આખા શરીરે ખસ થઈ હતી. પરું નીકળતું હતું. તેથી ગુણાતીતાનંદ સ્વામીએ તેમને પરું લૂછીને નવરાવ્યા.

૨. શ્રીજીમહારાજે જીવુબાને મીઠો ઠપકો આપ્યો. (૧૭/૫૨)
જ. ઉદેપુરના રાણી ઝમકુબા ભગવાન ભજવા માટે ગઢપુર આવેલાં. જીવુબા તેમને ઓળખતાં ન હોવાથી તેમને છાણ-વાસીદાનું કામ કરાવતાં હતાં. તે મહારાજ જોઈ ગયા ત્યારે જીવુબાને મીઠો ઠપકો આપે છે. (૧૭/૫૨)

૩. પ્રભાશંકરે લગ્ન બંધ રાખવાનો નિર્ણય કર્યો. (૨૦/૫૬)
જ. વરતાલ આવવાનો આજ્ઞા પત્ર લઈને ખેપિયો જાન નીકળતા સમયે જ આવ્યો. મહારાજની આજ્ઞા આગળ એમને જગતની દરેક વસ્તુ ગૌણ હતી માટે કહ્યું.

**પ્ર.૩** ‘બોચાસણના કાશીદાસ’ (૧૨/૨૯) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

કાશીદાસ સત્સંગી થયા - દિકરો ગુજરી ગયો - બળદ મરી ગયો - દુઝણી ભેંસ મરી ગઈ - આથી સગાં-વ્હાલા અકળાયાં - કાશીદાસની નિષ્ઠા અને પ્રેમને વશ થઈ મહારાજ બત્રીસવાર પધારેલા - પ્રગટ ભગવાનની પ્રાપ્તિનો કાશીદાસને અખંડ કેફ - કાશીદાસને વેપારમાં ખોટ ગઈ - લેણદારોએ સરકારમાં - ખેડાની કોર્ટમાં - છ માસની કેદ - પૈસા ભરવાની સ્થિતિ નહી - ખેડાની જેલમાં કાશીદાસને - નાહ્યા ધોયા વગર પૂજાપાઠ - જમાશે નહીં - ગઢપુરમાં સમૈયો - મહારાજના દર્શન નહીં થાય - મનમાં વ્યાકુળ - સિપાઈ જમવા - કાશીદાસે સ્નાન - સિપાઈઓ કાશીદાસને બેડીમાં - વાત્રક નદીમાં - મહારાજને સંભારીને કાશીદાસે ડૂબકી - મહારાજે ગઢપુરમાં ઘેલા નદીમાં - હાથપગમાં બેડી - મહારાજ પાસે પહોચી ગયા - મહારાજનો છ માસનો સમાગમ - ત્યારબાદ ઘરે ગયા - કાશીદાસ ખરા ભક્ત - કાશીદાસની હવેલી બળી - મહારાજે રક્ષા - મહારાજ ગઢપુરમાં - પોતાના હાથ ઘસવા લાગ્યા - મહારાજના હાથમાં ફોલ્લા - બધાએ પૂછ્યું કે આ શું ? મહારાજ કહે, ‘કાશીદાસ મોટાનું ઘર સળગ્યું અમે ઓલવવા’ - મહારાજે વરતાલ મંદિર - સંતોને વડોદરા અમીચંદ શેઠને ત્યાં લક્ષ્મીનારાયણની મૂર્તિઓ - મૂર્તિ લઈને સંતો - ભાળજ પાસે પુષ્કળ વરસાદ - આ મૂર્તિઓ લેવા બોચાસણ પધાર્યા - મહારાજે કાશીદાસને હાથ પકડીને કોલ - અમે અમારા અક્ષરધામ સહિત અહીં બિરાજીશું.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ગુણાતીતાનંદ સ્વામીને સંવત ૧૮૬૬માં પોષ સુદ પૂનમે ડભાણમાં ભાગવતી દીક્ષા આપી હતી. (૧૬/૪૨)
૨. યોગીજી મહારાજે આટલો સત્સંગ ફેલાવ્યો છતાં શાસ્ત્રીજી મહારાજનું નામ આગળ રાખતા. (૧૦/૨૬)
૩. સગરામને મુક્તાનંદ સ્વામીએ વર્તમાન ધરાવી સત્સંગમાં લીધો હતો. (૨/૧૨)
૪. જે શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે, એ વરદાન આપે છે. (૧/૧)
૫. શ્રીજીમહારાજે રાજી થઈને દૂબળી ભટ્ટને પોતાનો સોનાનો વેઢ ને કડું પ્રસાદીરૂપે આપેલાં. (૧૫/૩૬)

**પ્ર.૫** ''કરોડ રૂપિયા ખર્ચે પણ ..........'' (૨૪/૬૫) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**'કરોડ રૂપિયા ખર્ચે પણ આવા સાધુ મળે નહિ, ને કરોડ રૂપિયા દેતાં પણ આ વાતુ મળે નહિ. ને કરોડ રૂપિયા આપતાં પણ મનુષ્ય દેહ મળે નહિ, ને આપણે પણ કરોડ જન્મ ધર્યા છે પણ કોઈ વખત આવો જોગ મળ્યો નથી. નીકર શું કરવા દેહ ધરવો પડે ?'**

ધર્મ, જ્ઞાન વૈરાગ્ય ને માહાત્મ્ય સહિત ભક્તિવાળા સંત મળવા દુર્લભ - એમના મુખની વાતો - આપણું અજ્ઞાન - મનુષ્યદેહ મળવો દુર્લભ - ચોરાશી લાખ યોની - એક આંધળો માણસ રાજાના કંઈક વાંકમાં - આંધળાને શી સજા - આ શહેરમાંથી બહાર નીકળવાની - તું કોટની દીવાલે - બારી આવે ત્યારે બહાર નીકળજે - આંધળો જ્યાં બારી આવી - ત્યાં માથે ખંજવાળ આવી - ચાલતો ચાલતો ખણવા લાગ્યો - ત્યાં બારી જતી રહી - ફરી દિવાલ - ફરી બાર ગાઉનો ચકરાવો રહ્યો. આ મોંઘો મનુષ્ય દેહ મળ્યો છે. તેમાં આવા સંત મળ્યા તે મોટી વાત છે તેમને ઓળખી લેવા. તેમની વાતો સાંભળવી અને અજ્ઞાન કાઢી નાંખવું.

**પ્ર.૬ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. હિંસા ન કરની જન્તુ કી પરત્રિયાસંગ કો ત્યાગ
માંસ ન ખાવત મદ્યકું પીવત નહિ બડભાગ્ય.
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત,
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત. (૭/૨૦)

૨. યજ્ઞપુરુષમાં અખંડ રહીને, જ્ઞાનજીવનમાં અખંડ રહીને
પ્રમુખ સ્વામીમાં અખંડ રહીને, ઉપાસના શુદ્ધ પ્રગટ કરી પ્રભુ........ વંદન (૧૩/૩૨)

૩. अपि भूरिफलं कर्म धर्मापेत भवेद्यदि ।
आचर्यं तर्हि तन्नैव धर्म सर्वार्थदोऽस्ति हि ॥ (૨૨/૬૧)

૪. ગુજરાતી ભાષાંતર : સંસારનાં બંધનોનો નાશ કરનાર અને માનવોનું કલ્યાણ કરનાર એવા મહાન સંપ્રદાયને પૃથ્વી ઉપર પ્રવર્તાવનારા એવા ભગવાન શ્રી સ્વામિનારાયણને હું નમન કરું છું. (૬/૧૯)

**(વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ, અગિયારમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➫ બાલમુકુંદ સ્વામી - શંકર ભગતને (૪૦/૬૯)
➫ સારંગપુર મંદિરની સેવા કરનાર સૌ સંતોની સેવાથી રાજી થઈને કહ્યું.

૨. ➫ લક્ષ્મીપ્રસાદજી - હરિભક્તોને (૨૯/૫૨)
➫ સ્વામીશ્રીના હેતવાળા હરિભક્તોએ આચાર્ય મહારાજ પાસે જઈને સ્વામીશ્રીના મંડળને બોચાસણ મોકલવાની માગણી કરી ત્યારે ગુસ્સે થઈને કહે છે.

૩. ➫ શાસ્ત્રીજી મહારાજ - ભગવાનદાસને (૪૮/૮૧)
➫ ભગવાનદાસને સભામાં શાસ્ત્રીજી મહારાજની જગ્યાએ શ્રીજીમહારાજના દર્શન થયાં. તેથી તેમણે ચાલુ સભામાં પોતાના સંકલ્પની વાત કરી ત્યારે

**પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. જીવણરામ ગુરુ મટીને શિષ્ય બની ગયા. (૧૯/૩૫)

જ. યજ્ઞપુરુષદાસજીએ રામાનુજભાષ્યમાં જીવણરામને રસ લેતા કર્યાં તેથી જીવણરામના શાંકરમતના સંસ્કારો બદલાયા. રામાનુજના મતનો આશ્રય લીધો. ગોપાળાનંદ સ્વામીનું ગીતા ભાષ્ય વાંચી પૂરા વિશિષ્ટાદ્વૈતવાદી બની ગયા. યજ્ઞપુરુષદાસે તેમને જાગા ભક્ત પાસે વર્તમાન ધરાવીને સત્સંગી કર્યાં. ગુરુ મટી પોતે શિષ્ય બની ગયા.

૨. જાગા સ્વામી રાજી થઈને બોલી ઊઠ્યા, ''આવો બાપ ! બહુ રાહ જોવરાવી.'' (૧૮/૩૩)

જ. જીભાઈ કોઠારીએ જાગાભક્તને સભામાં તથા તેમના આસને કથાવાર્તાની બંધી ફરમાવી હતી. યજ્ઞપુરુષદાસજીએ જીભાઈ કોઠારીને જાગાસ્વામીનો મહિમા સમજાવી બંધી છોડાવી તેથી જાગાસ્વામી બોલ્યા.

૩. કોઠારીએ સ્વામીશ્રીને સારંગપુર મંદિરના વહીવટમાંથી છૂટા કર્યા. (૨૪/૪૪)

જ. સારંગપુર મંદિર, હવેલી, ધર્મશાળા બધું જોઈને સ્વામીશ્રીની કાર્યશક્તિ પર કોઠારી મુગ્ધ થયા હતા. પરંતુ 'સાધુઓને શાંત પાડીશું તો સ્વામીશ્રીને ઉપાધિ ઓછી કરશે' એ વિચારથી સ્વામીશ્રીને સારંગપુર મંદિરના વહીવટમાંથી છૂટા કર્યાં.

**પ્ર.૯** 'કથીરમાંથી હીરો' (૩૨/૫૬) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

બોચાસણ ગામના મુખી હીરાભાઈ - કાશીદાસ મોટાના વંશના - ખૂબ માથા ભારે - ચોરી - લૂંટફાટ, ખૂન વગેરે ઘણાં પાપો કરતાં - આખો ચરોત્તર તેમના નામથી કંપતો. હીરાભાઈએ સ્વામીશ્રીને મંદિરમાં રસોઈ આપી. સંતોને જમાડ્યા - પોતે જમવાની ના - હીરાભાઈ આવ્યા - સ્વામીશ્રીએ કહ્યું, 'તમે વર્તમાન ધરાવી સત્સંગી થાઓ તો અમે જમીએ.' એવી શરત - સ્વામીશ્રીની આંખ સામે જોતાં જ હીરાભાઈનું પરિવર્તન થયું. બધાં પાપ કુકર્મ મૂકી સત્સંગી થયા. - સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવ્યાં - ગોરધનભાઈ કોઠારીએ આ સમાચાર સાંભળ્યા ત્યારે કહ્યું, 'હીરાભાઈને સત્સંગી કરનાર શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને ભગવત્પ્રસાદજી મહારાજ હોત તો સત્સંગમાં મોટેરા સ્થાપી બે જોડ ચરણારવિંદ આપી સન્માન કરત.' હીરાભાઈને આ સાંભળી સ્વામીશ્રીનો મહિમા સમજાયો.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનો પ્રથમ મેળાપ ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠાના સમૈયા પર સૂરત થયો હતો. (૧૦/૨૦)
૨. અમે અને વરતાલવાળા એક જ છીએ. (૩૧/૫૬)
૩. નારાયણસ્વરૂપદાસની પ્રમુખ તરીકેની વરણી અમદાવાદમાં કરવામાં આવી. (૫૫/૮૯)
૪. ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭ના વચનામૃતના આધારે શાસ્ત્રીજી મહારાજે મહુવામાં એકાંતિક પુરુષનાં લક્ષણો સમજાવ્યાં. (૧૪/૨૭)
૫. ડુંગર ભક્તને આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે વરતાલમાં દીક્ષા આપી. (૯/૧૯)

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૪ (૨૨/૩૯) **૨.** ૨, ૪ (૩૪/૫૯) **૩.** ૩, ૪ (૩૯/૬૮)

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **હરિનો મારગ છે શૂરાનો :** **આચાર્ય મહારાજ**ના આસને **ડુંગર** ભક્તે **આસનવાળી માળા ફેરવી** બતાવતાં રાજી થયેલા **આચાર્ય મહારાજે** કહ્યું : **પાર્ષદ** થઈને **મારી** પાસે રહેજો. (૭/૧૪)
૨. **દિવ્ય સમાધિ :** **સૌ પ્રથમ** સમાધિ **આચાર્ય રાધારમણપ્રસાદને** **સારંગપુરના** મંદિરમાં **હરિકૃષ્ણ** મહારાજની મૂર્તિનાં **દર્શન કરતાં** થઈ ત્યારે **મહારાજને** ધરેલો **રૂમાલ** સમાધિમાં મહારાજે તેમને આપ્યો. (૪૬/૭૬)
૩. **અતૂટ વિશ્વાસ :** **સારંગપુર**માં **વચલા** મંદિરનો **દોઢસો** મણનો પથ્થર **સાત દોરડા**થી બાંધીને **ઉપર ચઢાવતા** હતા. ત્યારે **છ દોરડાં** તૂટી જતાં **સ્વામીશ્રી**એ **સોમા ભગત**ને પથ્થર ઉપર **ચઢીને** ફરીથી **દોરડાં** બાંધવા કહ્યું. (૪૧/૭૦)
૪. **શેષનાગને માથે ખીલી :** **સ્વામીએ મરાવેલી** **ખૂંટીઓ ધનજી મતાદારે** કાઢી તો **ખૂંટીઓની** અણી પર **લોહી** જોઈ તરત જ ખૂંટીઓ મૂકી દીધી. (૩૫/૬૨)
૫. **ગુણાતીત સમાધિસ્થાનમાં મંદિર :** **વીરસદના હરિભાઈ અમીને** **અક્ષર દેરી**ની જમીન **પચ્ચીસ** હજારમાં નક્કી કરી ત્યારે **મહારાજાએ શરત મૂકી કે** એ **સ્થાને અક્ષર દેરી કાયમ** રાખીને **ત્રણ** વર્ષમાં **મંદિર પૂરું** કરી **દસ લાખ** રૂપિયા ખર્ચવા. (૪૭/૭૭)
૬. **સમર્થ વક્તા :** **ગુરુ** થવાનો અધિકાર કંઈ એકલા **ભગવાંધારીઓને** જ નથી. **ગુણાતીતાનંદ** સ્વામીના **કૃપાપાત્ર** અને **એકાંતિક** સ્થિતિના ધારક એવા **પ્રાગજી** ભક્ત અને **જાગા** ભક્તમાં **જાતિભાવ** જોશો તો **મહારાજ** સહન નહી કરે. (૧૯/૩૪)

❑ ❑ ❑